# SHREE VASISHTHA VIDHYALAYA

## Gujarati : II-Language Worksheet 2025-26

Name : - ____________ Std.:- III - ________

Roll No. :- ________ Worksheet No.: PA1-01 Date : - ____________

**સર્જનાત્મક : ગદ્યાંશ**

સૂરજ એક તારો છે. તે ધગધગતા વાયુનો ગોળો છે. સૂરજ પૂર્વ દિશામાં ઊગે છે અને પશ્ચિમ દિશામાં આથમે છે. સૂરજ આપણને ગરમી અને પ્રકાશ આપે છે. તેની ગરમીથી પાણીથી વરાળ થાય છે. એ વરાળમાં વાદળાં બને છે. વાદળાં ઠંડાં થતાં વરસાદ પડે છે. વરસાદથી અનાજ પાકે છે, ઘાસ ઊગે છે, વૃક્ષો ઊગે છે. સૂરજ ન હોય તો આમાંનું કંઈ જ ન થાત. તેથી આપણે સૂરજને 'સૂરજદાદા' કહીએ છીએ.

**પ્ર-૧ ઉપરનાં ગદ્યાંશ પરથી નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧) સૂરજ ....પૂર્વ.... દિશામાં ઊગે છે.

૨) સૂરજ આપણને ગરમી અને ....પ્રકાશ.... આપે છે.

૩) વાદળાં ઠંડાં થતાં ....વરસાદ.... પડે છે.

૪) સૂરજને આપણે ....સૂરજદાદા.... કહીએ છીએ.

**પ્ર-૨ નીચેની જોડણી સુધારો.**

૧) વિરતા - ....વીરતા....

૨) વીષય - ....વિષય....

૩) દીવસ - ....દિવસ....

૪) બિરબલ - ....બીરબલ....

૫) મીત્રો - ....મિત્રો....

૬) ડરબાર - ....દરબાર....

૭) નિડર - ....નીડર....

૮) સીચન - ....સિંચન....

**પ્ર-૩ નીચેનાં વાક્યો ખરાં '✓' છે કે ખોટાં '×' તે જણાવો.**

૧) મારી શાળામાં એક જ વિષય શીખવે છે. ( × )

૨) મનીષ અને રૂપા ગિલ્લી-દંડા રમી રહ્યા હતા. ( × )

૩) કલાકાર પાસે પાંચ ઢીંગલીઓ હતી. ( × )

૪) રૂપા એક નીડર બાળકી હતી. ( ✓ )

૫) અકબરને ઢીંગલીઓ ઘણી પસંદ પડી. ( ✓ )

**પ્ર-૪ પાઠને આધારે ખાલી જગ્યા પૂરો.**

૧) ગામલોકોએ ....રૂપા.... ની હિંમતની ઘણી પ્રશંસા કરી.

૨) મારી શાળા વિવિધ ....વિષયો.... ના રસથાળ પીરસતી.

૩) મનીષના હાથ-પગ ....દોરી.... થી બંધાયેલ હતા.

૪) અકબરના દરબારમાં એક ....કલાકાર.... આવ્યો.

૫) કલાકાર પાસે એકસરખી ....ત્રણ.... ઢીંગલીઓ હતી.

**પ્ર-૫ નીચેના સમાનાર્થી શબ્દ લખો.**

| | | | |
|---|---|---|---|
| ૧) નિશાળ - શાળા | | ૫) કર - હાથ | |
| ૨) વહેલો - જલદી | | ૬) મૂલ્ય - કિંમત | |
| ૩) નિશા - રાત્રી | | ૭) પવન - વાયુ, હવા | |
| ૪) ચરણ - પગ | | ૮) નયન - આંખ | |

**પ્ર-૬ નીચેનાં પ્રશ્નોનાં એક શબ્દમાં જવાબ લખો.**

૧) ગાંધીજીએ શેની શિખામણ આપી હતી? - સત્ય- અહિંસા

૨) લૂંટારુનું નામ શું હતું? - બચેર

૩) કલાકાર પાસેની બધી ઢીંગલીઓમાં સૌથી શ્રેષ્ઠ ઢીંગલી કઈ હતી? - ત્રીજી

૪) રૂપાનું ચિત્ર કયાં છપાયું? - સમાચાર પત્રમાં

૫) રૂપા કેવી છોકરી હતી? - નીડર

**મૂળભૂત ગણતરી :**

**પ્ર-૧ નીચેની સંખ્યાને શબ્દમાં લખો.**

| | |
|---|---|
| ૧) ૧૮ - અઢાર | ૫) ૭ - સાત |
| ૨) ૧૨ - બાર | ૬) ૮ - આઠ |
| ૩) ૯ - નવ | ૭) ૨૦ - વીસ |
| ૪) ૧૦ - દસ | ૮) ૫ - પાંચ |

**પ્ર-૨ નીચે આપેલા અંકોને ચિત્ર સાથે સરવાળો કરી જવાબ અંકમાં લખો.**

૧) ૧૧ + ૮ ○○○○○○○○ = ૧૯

૨) ૧૫ + ૨ ☼☼ = ૧૭

૩) ૧૦ + ૧૦ ☆☆☆☆☆☆☆☆☆☆ = ૨૦

૪) ૮ + ૭ ☺☺☺☺☺☺☺ = ૧૫

**વ્યાકરણ :**

**પ્ર-૧ નીચેનાં વાક્યોમાંથી સંજ્ઞા શબ્દો શોધીને લખો.**

૧) હાથ લખવાનું કામ કરે છે. - હાથ

૨) કાબર દાણા ખાય છે. - કાબર, દાણા

૩) શિક્ષક ભણાવવાનું કામ કરે છે. - શિક્ષક

૪) સસલું ગાજર ખાય છે. - સસલું, ગાજર

૫) દાદી ભજન કરે છે. - દાદી

૬) નીતા ગીત ગાય છે. - નીતા

**કવિતા (મૌખિક) :- બા, મને ચપટી વગાડતાં......**

બા, મને ચપટી વગાડતાં આવડી ગઈ.
મારી ચપટી વાગે છે પટ્ટ પટ્ટ પટ્ટ,
જાણે ફૂટે બંદૂકડી ફટ્ટ ફટ્ટ ફટ્ટ ,
પેલી બિલ્લી ભાગે છે ઝટ્ટ ઝટ્ટ ઝટ્ટ .
બા મને બિલ્લી ભગાડતાં આવડી ગઈ.

તું કપડાં ધુએ ભલે ધબ્બ ધબ્બ ધબ્બ,
હું પાણીમાં નહિ કરું છબ્બ છબ્બ છબ્બ,
મારી ચપટી ભ જાઈ જાય ડબ્બ ડબ્બ ડબ્બ.
બા મને મુન્ની રમાડતાં આવડી ગઈ.
બા, મને ચપટી વગાડતાં આવડી ગઈ.

૨૪/૫